# Gad dhare Thi Maji Nisariya Lyrics | Meena Patel, Mathur Kanjariya | Bhinjay Gharchodu Bhinjay Chundadi

ગળ ધરેથી માજી નસિરીયા
આવ્યા છે માટેલ ગામડે રે હા
આવ્યા છે માટેલ ગામડે રે હા

ગામ માટેલ ને ધરોમાં ઠેલીયો
ગામ માટેલ ને ધરોમાં ઠેલીઓ
ત્યાં છે સ્થાન ખોડયિાર ના રે હા
ત્યાં છે સ્થાન ખોડયિાર ના રે હા

બાર બાર વરસ ગાય રેઢી ચરી છે
ગોવાળને નોતી જાણ રે હા
ગોવાળને નોતી જાણ રે હા

એક દનિ ગોવાળ જીદે ચઢ્યો છે
એક દનિ ગોવાળ જીદે ચઢ્યો છે
ગાયની પાછળ જાય રે હા
ગાયની પાછળ જાય રે હા

ગાય માતાજી હાલ્યા ધરામાં
ગોવાળે પૂછડું ઝાલીયું રે હા
ગોવાળે પૂછડું ઝાલીયું રે હા

માજી બેઠા કાંઈ સોના હડિોળે
માજી બેઠા કાંઈ સોના હડિોળે
પૂછ્યું અલ્યા કેમ અહી આવ્યો રે હા
પૂછ્યું અલ્યા કેમ અહી આવ્યો રે હા

બાર બાર વરસ ગાય રેઢી ચરી છે
વરત આપોને મોરી માવડી રે હા
વરત આપોને મોરી માવડી રે હા

જારના પાનડા માજી એ આપ્યા
જારના પાનડા માજી એ આપ્યા
ગોવાળે ધાબળે બાંધ્યા રે હા
ગોવાળે ધાબળે બાંધ્યા રે હા

ત્યાંથી ગોવાળ કઈ ધરા પર આવ્યો
પાન ધરાની પાસ નાખીયા રે હા
પાન ધરાની પાસ નાખીયા રે હા

ત્યાંથી ગોવાળ ઘરે આવ્યો છે
ત્યાંથી ગોવાળ ઘરે આવ્યો છે
મૂરખે માજીને નવ ઓળખ્યા રે હા

GujaratiLyrics.com

મુરખ માજીને નવ ઓળખ્યા રે હા

ઘેર આવીને ધાબળો ખંખેર્યો
પાન સોનાનું એક દીઠું રે હા
પાન સોનાનું એક દીઠું રે હા

ઘેરથી ગોવાળ ઘરે આવ્યો છે
ઘેરથી ગોવાળ ઘરે આવ્યો છે
પાનડા ત્યાં નવ દીઠ્યા રે હા
પાનડા ત્યાં નવ દીઠ્યા રે હા.

GujaratiLyrics.com